સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૨૨૫૫

સલામી સવારની..

હવે દેશનાં 'સેનાપતિ' પણ ચર્ચામાં છે,
હવે બચી થોડી આબરૂ પણ ખર્ચામાં છે
સંડોવાય પોર્ન, સેક્સની સીડીમાં સાંસદો -
હવે રાષ્ટ્રીય ચારિત્ર્ય પણ ફડચામાં છે..

હાઈકુ

કરે છે ન્યાય!
હવે સુપ્રીમ પછી -
નક્ષલ-કોર્ટ
(માઓવાદી-નક્ષલોનું આરામગૃહ)

બનાવી દો ને -
જેલ ખાલી કરીને -
ગેસ્ટ-હાઉસ

ચિંતન

દુર્જનઃ ખલુ સાધુતા મુપૈતિ બહુ પ્રકારૈઃ પરિષેવ્યમાણઃ ।
આમૂલ સિક્તઃ પયસા ઘૃતેન ન નિમ્બવૃક્ષ મધુરત્વમેતિ ॥

'ખરેખર, દુર્જનની સાથે લાંબો વખત રહેવાથી કે તેની મૈત્રી કરવાથી, કે તેનું સેવન કરવાથી દુર્જન સજ્જન થઇ જતો નથી. અર્થાત્ અનેક પ્રયત્ન કરવા છતાં જેમ કે, લીમડાના વૃક્ષના મૂળમાં દૂધ અને ઘીનું સેવન કરવામાં આવે તો પણ પોતાની કડવાહટ છોડતો નથી. કડવો લીમડો મીઠો બનતો નથી.'

માણસનો સ્વભાવ-પ્રકૃતિ, પ્રયત્નો અને તાલીમ દ્વારા બદલી શકાતો, એમાં ય જડ પ્રકૃતિવાળાં ને ગમે એટલું સમજાવો, પ્રેમ-લાગણી-સ્નેહ આપો, ખૂલાસા કરો-માફી માગો, એમનાં મનમાંથી વહેમ-શંકાના વાદળ કદાપિ વિખરાતાં નથી. પ્રકૃતિ પ્રાણ સાથે જ જાય છે. જેનામાં ઉત્તમ સંસ્કાર હોય, ઉદાર હૃદય હોય ક્ષમાશીલ હોય વિશાળ હૃદય ધરાવતાં હોય તેવાં લોકો સ્વભાવમાં થોડી ઘણી પણ બાંધછોડ કરી શકે છે.

અહીં દુર્જન ભલે સત્સંગ-કથા-વાર્તામાં જાય, સારા માણસોની સોબતમાં હોય છતાં એમના મનમાં ઘર કરીને રહેલા વિચાર-ગાંઠો છૂટતી નથી. સત્સંગની જરા પણ અસર થતી નથી. અહીં કડવા લીમડાનું દૃષ્ટાંત આપતાં કહ્યું છે. લીમડાનો છોડ નાનો હોય ત્યારથી એને દૂધ-ઘી-સાકરથી ઉછેર્યો હોય છતાં પણ તેની પ્રકૃતિની 'કડવાહટ' છૂટતી નથી એ એનો સ્વભાવ-પ્રકૃતિ છે.

સુવિચાર

- મિથ્યા મહત્ત્વાકાંક્ષા સદ્‌ગુણોનું ગળું રૂંધી નાખે છે - શેક્સપિયર
- બધાને પ્રભુતા જોઇએ છે પણ પ્રભુ તરફની ચાહ કોઇને પણ નથી - તુલસીદાસ
- જ્યાં સુધી ઉચિત-અનુચિતનો વિવેક આવતો નથી ત્યાં સુધી માયાના કીચડમાં ફસાતા જ જશો - નાનક
- જેની જેવી-જેટલી શક્તિ તે એટલું અને એવું જ કરે પોતાની શક્તિથી ઉપરાંત એ લાવે પણ ક્યાંથી? - કબીર
- નમ્રતા દ્વારા જ અહિંસક બની શકાય - સંત જ્ઞાનેશ્વર
- જ્યારે તમે બુધ્ધિશાળી સામે દલીલો કરો છો ત્યારે એ સરળતાથી તમારામાં મૂર્ખાઇ શોધી કાઢે છે - શેખ સાદી
- અંત સમયે શું પીડે છે? - ગુપ્ત પાપ - શંકરાચાર્ય

બોધકથા

આજકાલ મંત્રીમંડળો અને અધિકારીઓ નજીવી વાતની ચર્ચા અને નિર્ણય માટે, મિલન-મુલાકાત માટે, 'જમણ' સાથેની બેઠક બોલાવે અને સરકારી ખર્ચે - 'જમણ' થઇ જાય. વળી ઘરે પણ બે નંબરની આવક જ 'ચલણ'માં હોય, પ્લોટ, ફિક્સ, ખાતાં ભરાઇ જાય પછી પણ 'કાળાં' નાણાં સંતાડવા દેશ-વિદેશમાં મોકલે છે.

આવા રાજા-પ્રધાનો-સાહેબ લગભગ રોગીષ્ટ હોય અને દવા-ગોળી સિવાય કંઇ ખાઇ જ નથી શકતા.

એક રાજાની પ્રમાણિકતા અને ન્યાયના ખૂબ વખાણ સાંભળી આવા રાજાને આશીર્વાદ આપવા સંત રાજાના દરબારમાં ગયા અને કહ્યું, રાજન્ મારે તારી સંપત્તિ જોવાની ઇચ્છા છે. રાજા તો નિસ્પૃહી અને નિર્ભય હતો. તરત ધનભંડાર-અન્નભંડાર અને તમામ સ્થાવર-જંગમ મિલ્કત બતાવી દીધી..

ત્યાં જમવાનો સમય થયો. સાવ સાદી પિત્તળની થાળીમાં ખીચડી-કઢી-રોટલો અને શાક આવ્યાં, સંત તો રસોઇ જોઇ આશ્ચર્ય સાથે આનંદ પામ્યા અને કહ્યું, મહારાજ મને તો આ વાનગી અને સાત્ત્વિક ભોજન જોઇ ખૂબ જ આનંદ થયો છે, પણ આશ્ચર્ય પણ થાય છે, આમ કેમ?

રાજા કહે મારા બાપ-દાદાની એક એકર જમીનમાં હું અને રાણી જાત મહેનતથી અનાજ પકવીએ છીએ અને એ જ અનાજની રાણી રસોઇ કરે છે અને એ ભોજન જ અમે ખાઇએ છીએ જે મીઠું તો લાગે જ છે પણ એને કારણે રાજ્યની સુખાકારી-સાત્ત્વિકતા સચવાઇ રહી છે.

અબ્દુલ કલામને રાષ્ટ્રપતિ પદે જોવા દેશ આતુર છે

તંત્રી સ્થાનેથી...

દેશના નવા રાષ્ટ્રપતિ પદ માટે ડૉ. અબ્દુલ કલામનું નામ મોખરે છે. આ સમાચાર સૌ ભારતીયોને વાંચવા ગમે અને સ્વીકારવા પણ ગમે. ડૉ. અબ્દુલ કલામ વધુ એક વખત રાષ્ટ્રપતિ પદ માટે તૈયાર થાય તો દેશ માટે એક આનંદદાયક અને આવકારદાયક ઘટના બનશે. દેશની રાજકીય સ્થિતિનો વિચાર કરીએ તો મુખ્ય રાજકીય પક્ષો પાસે પૂરતા મત નથી. કૉંગ્રેસ પાસે ૩૧ ટકા અને ભાજપ પાસે ૨૪ ટકા - આ બંનેમાંથી કોઈ પક્ષ પોતાના રાજકીય ઉમેદવારને જીતાડી શકે એમ નથી. પ્રાદેશિક પક્ષોનો સહયોગ બંને માટે અનિવાર્ય થાય એમ છે. પરંતુ એમાં કોણ - કોને - કેટલો - એ પ્રશ્ન હિમાલય જેવડો છે. આમાં તો સોદાબાજી થાય - તોડજોડ થાય, અને રાષ્ટ્રપતિ પદની ગરિમા લજવાય. એટલે કોઈ રાજકીય ઉમેદવાર કરતા રાષ્ટ્રીય ઉમેદવારનો વિચાર તમામ રાજકીય પક્ષોએ કરવો જોઈએ.

૨૫મી જુલાઈએ વર્તમાન રાષ્ટ્રપતિ મહોદયા પ્રતિભા પાટીલની અવધિ પૂરી થાય છે. અર્થાત્ એ પૂર્વે નવા રાષ્ટ્રપતિની પસંદગી અને ચૂંટણીની પ્રક્રિયા જુલાઈમાં પૂર્ણ કરવી પડે. જેની તૈયારીના પરિપાક રૂપે હાલમાં ડૉ. અબ્દુલ કલામ અને સામ પિત્રોડાના નામો જુદા જુદા પ્રાદેશિક પક્ષોએ સૂચવ્યા છે, જે આવકારદાયક છે. સમાજવાદી પાર્ટી, બહુજન સમાજ પાર્ટી અને તૃણમૂલ કૉંગ્રેસ ડૉ. કલામની તરફેણ કરે છે. અગાઉ પણ ભારતીય જનતા પાર્ટી ડૉ. અબ્દુલ કલામની ઉમેદવારીના મુખ્ય સમર્થક હતા. ડૉ. અબ્દુલ કલામ દેશના અગ્રગણ્ય વૈજ્ઞાનિક છે. પરમાણુ ક્ષેત્રે વિશ્વભરમાં તેમની નામનાં છે. શિક્ષણ અને યુવાનો માટે શ્રેષ્ઠ માર્ગદર્શક છે. ખુલ્લા મનના માનવી છે. ભારતને મહાસત્તા બનાવવાના તેઓ ખૂબ જ આગ્રહી છે. અગાઉ પાંચ વર્ષ રાષ્ટ્રપતિ પદે રહી દેશનું ગૌરવ વધાર્યું છે. સમગ્ર દેશનાં તમામ પ્રદેશોમાં અને તમામ રાજકીય પક્ષોમાં ડૉ. અબ્દુલ કલામનું નામ આદરપૂર્વક લેવાય છે. તમામ રાજકીય પક્ષોએ રાષ્ટ્રપતિપદ જેવા દેશના સર્વોચ્ચ પદ પર રાષ્ટ્રભક્ત ડૉ. અબ્દુલ કલામની પસંદગી એકી અવાજે કરવી જોઈએ.

ઘરની પરસાળમાં બાંધેલા હિંચકા પર નિરાંતે ઝૂલવા પછીની સૌથી ફેવરીટ જગા હોય તો તે અગાશી જ ! એકલા હોય તોય જઈને બેસી શકાય અને મિત્રો - પરિવાર - બાળકોનો ઝમેલો હોય તો પણ બેસી શકાય

પારિજાત
- રેખા ભટ્ટ

ઘર ન જાણે એવું કંઈ કરતી અગાસી,
ચાંદ- પર ચોરી છૂપી મરતી અગાસી!
તારલાઓ રાતભર ગણતી અગાસી
ને સવારે ફૂલ શી ખરતી અગાસી!

- ગાયત્રી ભટ્ટ

એવું કોઈ ઘર હશે ખરું કે જેને અગાશી ન હોય? અને એવી કોઈ વ્યક્તિ હશે ખરી કે જેને આગાશીમાં જઈને બેસવું ગમતું ન હોય? ઘરની પરસાળમાં બાંધેલા હિંચકા પર નિરાંતે ઝૂલવા પછીની સૌથી ફેવરીટ જગા હોય તો તે અગાશી જ! એકલા હોય તોય જઈને બેસી શકાય અને મિત્રો - પરિવાર - બાળકોનો ઝમેલો હોય તો પણ બેસી શકાય.

ઘરને તમે ગમે તે નામ આપો. મકાન - બંગલો - હવેલી - વિલા કે ફ્લેટ - અગાસી તો હોવાની જ! ઓરડાઓની સંખ્યામાં વધ-ઘટ હોઈ શકે પણ એક અગાસી અચૂક હોવાની. હા, ફ્લેટવાળા ઓછા નસીબદાર ખરાં કે, એમને મળે છે હવામાં લટકતી બાલ્કની, અરધું-પરધું આકાશ - અરધો-પડધો ઉજાસ - અને અગાશી- સૌની સાથે વહેંચાયેલી!

આપણે સૌ ઓરડામાં હોઈએ ત્યાં સુધી જમીન સાથે જોડાયેલાં રહીએ છીએ પણ અગાશીમાં જતાર્વેત આકાશ સાથે જોડાઇ જઈએ છીએ. પંચમહાભૂતનાં પાંચ તત્ત્વો પૈકી જમીન, આકાશ અને વાયુ સાથે આપનું તત્કાળ અનુસંધાન થઈ જાય છે. અગાશીમાં જતાર્વેત... અને વરસાદ ચાલુ હોય ત્યારે જળ સાથે પણ...!

ઘરમાં બંધાયેલું અને અટવાયેલું મન મુક્ત બની જાય છે અને આકાશ જેટલું જ ચોખ્ખું અને ખુલ્લું બની જાય છે.

ઓરડાઓ પાસે છે વક્ત, વ્યવહાર અને રોફ જ્યારે અગાસી પાસે છે ભરપૂર છલકાતી મસ્તી અને અનહદ શાંતિ. થોડીક મસ્તી થોડીક ધમાલ સાથે કેટલીયે ખાનગી વાતો પણ છે. બધાંની નજરથી બચીને બેઠેલાં નવાં પરણેલાં વર - વહુ - એમની ગૂસપૂસ વાતો - વાતેવાતે હસવાનું - સિસામણાં - મનામણાં - અથવા મહોલ્લાની બીજી અગાસી સાથે થતા ઈશારા અને છત કૂદીને આવવા અપાતું આમંત્રણ અથવા રાત્રે ઘરનાંના જાણે તેમ ગૂપચૂપ પાઈપ વાટે નીચે ઉતરી જઈને જલસો માણીને ગૂપછૂપ પાછા આવીને ઓઢીને મોડે સુધી ઊંઘતા રહેવાનું અથવા બધાના હુકમો માથે ચઢાવતી હોવા છતાં અપમાન મેળવતી નવી વહુનાં ચૂપચાપ નીકળતાં જતાં આંસુ... એવી કેટલીયે વાતો...

અને રોજરોજ બદલાતું વાતાવરણ - શિયાળામાં વહેલી સવારનો ઠૂંઠાળો તડકો - ઉનાળામાં બપોરની રમતોમાં છુપાવાની જગ્યા અને ચોમાસામાં ઘેર બેઠા પલળવાનું સ્થળ. ઘણીવાર આપણને એમ લાગે કે આબુ, કુલુ - મનાલી કરતાં વધારે ઓલ ટાઈમ હોટ ફેવરીટ સ્થળ અગાશી હશે. રિઝર્વેશનની દોડીદોડી નહીં, રેલ્વેની ધક્કા મુક્કી નહીં, શોપિંગની ચિંતા નહીં - બસ, આરામ અને શાંતિ - અને ઠંડક!

જો કે કેટલાંક શહેરોમાં ઘરોને અગાસીના બદલે હોય છે બંને તરફ ઢળતાં છાપરાં - ઉપર ચઢવું મુશ્કેલ - ટકી રહેવું એનાથી યે મુશ્કેલ અને નીચે ઉતરવું તો સૌથી વધારે મુશ્કેલ. પણ, પેલી "ડર કે આગે જીત હૈ" - વાળી જાહેરાતની જેમ થોડી હિંમત રાખીને ઉપર પહોંચી જવાય તો આપણે રાજા ! ત્યાં છાપરા પર આવવું હોય બધાંને પણ પહોંચી શકે કોઈક જ! એમાંય પાછાં અમે તો એની ઉપર રહીને પતંગ ચગાવતાં! ઢાળની બંને બાજુ પગ રાખીને ઉભા રહેવાનું - લપસ્યાં તો સીધાં નીચે! મારા બે ભાઈઓ તો ઉત્તરાયણ સિવાય પણ મિત્રોને મળવા છાપરાં ઠેકીને એમના ઘરે જતાં! નીચેથી ફરીને જાઓ તો સમય વધારે લાગે અને બાપુજીને ખબર પડી જાય - એના કરતાં બારોબાર... આપણો શ્વાસ અધ્ધર થઈ જાય પણ એમને તો રોજનું થયું!

કેટલીક જગાએ અગાશીને વળી 'બરસાતી' પણ કહે છે. અડધું છાપરું - અડધું ખુલ્લું- 'બરસાતી' શબ્દ સાંભળતાર્વેત આપણને યાદ આવી જાય વરસાદ - ચા - ગરમાગરમ ભજીયાં અને મનગમતું પુસ્તક! બીજું શું જોઈએ?

પણ એક જગ્યાએ અમે ગયાં હતાં ત્યારે 'ચાલો , બરસાતીમાં બેસીએ' એવું સાંભળીને મન ઉપર જઈ બેસવા લલચાઈ ગયું. આપણી કલ્પનામાં આવી જાય નાનકડો બગીચો, ગ્રીન ફાઈબરની નેટ - નેતરની ખુરશીઓ- પણ અહીં ખૂણામાં તૂટેલા સામાનનો ખડકલો અને સાફ- સફાઈ વગરની જગા જોઈ આંચકો લાગી ગયો. 'બરસાતી' વિશેની મારી કલ્પના ભાંગીને ભૂક્કો થઈ ગઈ. પણ એવું તો એકાદ કિસ્સામાં જ હોય.

બાકી - આગાશી- ધાબું- છાપરૂં - બરસાતી - નામરૂપ જુદાં જુદાં પણ આનંદ એક સરખો.

તૂજે ચાંદ કે બહાને દેખું
કે છત પર આજા ગોરી યે...

બ્રાન્ડ નેઇમ વિના કોઇને કાંઇ મળતું નથી, સગપણનાં સંબંધના 'નામ' વગર રખાતું નથી મગજથી કામ ના લેતાં, લઇ લો કામ હૃદયથી, હૃદયથી કરેલું નામકરણ કયારેય ભુલાતું નથી

Hello ફ્રેન્ડસ!
- સંજય થોરાત

'નામ' હોવું એટલે એક ઓળખ હોવી. પોતાનનું નામ ચાર-છ ઠેકાણે ચર્ચામાં આવે એટલે ઘણાંય ગર્વથી છાતી કાઢતા હોય છે. નામની પ્રસિધ્ધિ માટેનાં હવાતિયાં જગજાહેર છે. દરેકનું નામ એક વિશિષ્ઠ ઓળખ સાહિત કરે છે... દરેકનાં નામનો પાછો એક મહિમા હોય છે. નામ પાડનારાં મા-બાપ કે કોઇ 'નામ' માટે ઘણી મહેનત અને માથાકુટ કરતાં દેખાય છે... નામમાંથી કંઇક તો અર્થ નીકળવો જોઇએ એવોય આગ્રહ હોય છે. અંકશાસ્ત્રમાં માનતાં લોકો પોતાના નામ કે અટકમાં એકાદ બે અક્ષરો જોડીને સફળ થવાનાં ગતકડાંય કરતાં જોવા મળે છે!!

કોઇ પણ 'નામ' પાછળ એની એક કથા હોય છે. નામ રાખવા પાછળ એકાદું નાનું કારણ પણ જરૂર હોય છે. ક્યારેક આ નામનાં કારણો-વાતો લજ્જતદાર હોય છે. કેટલીક કંપનીઓ આજે માર્કેટમાં ધૂમ મચાવી રહી છે, એની સફળતાં અને આકર્ષણ બધાંને છે... ઇન્ટરનેટ અને કૉમ્પ્યુટરનાં અતિક્રમણે આવી અનેક કંપનીઓ યંગસ્ટર્સમાં ચર્ચાને ચકડોળે હોય છે. એવી જ કેટલીક કંપનીઓના નામ સાથે સંકળાયેલી વાતો લગભગ અપ્રાપ્ય છે, તે આપનાં સૌના જ્ઞાનમાં અભિવૃધ્ધી કરવાં પ્રસ્તુત છે...

યાહૂ :

શરૂઆતમાં દોરમાં લગભગ મોટા ભાગનું ઇમેલ આઇડી યાહૂમાં જ બનતું. યાહૂ આ શબ્દનો સર્વ પ્રથમ જોનાથન સ્વીફટે એમની 'ગલીવર્સ ટ્રાવેલ્સ' નામનાં પુસ્તકમાં વાપરેલો. ઇંટો લાવવા કે એને બનાવવાની પ્રોસેસનાં સંદર્ભમાં એ શબ્દનો ઉપયોગ થતો. જેરી યાંગ અને ડેવિડ ફીલો એ બંને જણા પોતાને 'યાહૂ' થી બોલાવે એવું ગમતું, એટલે જ એમણે એમની કંપનીનું નામ 'યાહૂ' આપ્યું!!

ઝેરોક્ષ :

દસ્તાવેજીય કામકાજમાં ઝેરોક્ષની જરૂર વધુ પડતી હોય છે. ચેસ્ટર કાર્લસન એમણે ઝેરોક્ષ મશીનની શોધ કરેલી. આ શોધ થઇ તે પહેલાં કોઇ પણ સાહિત્યની કૉપી એ ભીના કલરમાં થતી. માત્ર ઝેરોક્ષ કૉપી ડ્રાય સ્વરૂપમાં થતી. 'ઝેર' આ મૂળ શબ્દ ગ્રીક ભાષામાં છે જેનો અર્થ 'ઝેરોક્ષ' એવું નામ આપ્યું. આજે આ ઝેરોક્ષ શબ્દ એટલો પ્રચલિત છે કે, 'ફોટો કૉપી' શબ્દની જગ્યાએ ઝેરોક્ષ શબ્દ વાપરે છે!!

રેડ હેટ :

'રેડ હેટ' કંપનીના સ્થાનક માર્કઈવીંગ કૉલેજમાં ભણતાં હતા ત્યારે એમના દાદાએ એમને 'કાર્નલ લેકોસી' ટીમ કેપ ભેટમાં આપેલી. સફેદ અને લાલ પટ્ટાવાળી આ કેપ એમનાથી ખોવાઇ ગઇ. એ કેપ ગોતવાં એમણે શક્ય એટલાં બધાં પ્રયત્નો કર્યાં. મારી 'રેડ હેટ' કોઇને પણ મળે પરત કરવા વિનંતી માટે લીનકસ મેન્યુઅલ ઑન ઍર કરી... હેટની શોધમાં એક અનોખા સૉફ્ટવેર સોલ્યુશનનો માર્ગ ખૂલ્યો!!

હોટ મેલ :

વિશ્વમાં ગમે ત્યાં જઇએ, પણ આપણને પોતાના ઇ-મેઇલ ચેક કરી શકીએ એવો સંકલ્પ હૉટ મેલના સ્થાપક જૅક સ્મિથનાં મગજમાં ફરતો હતો. સાબિર ભાટીયા જયારે આવા પ્રકારના બિઝનેશની ઇ-મેઇલ સેવાનો પ્લાન ઘડ્યો ત્યારે 'મેલ' શબ્દથી સંપૂર્ણ અક્ષર બનાવવા તેઓ મથ્યા. વેબપેજ તૈયાર કરવામાં વપરાતી એચ.ટી. એમ.એલ. લેંગ્વેજને કારણે એમની શોધે આકાર લીધો. એ લેંગ્વેજનો આધાર લઇ એમણે હૉટ મેલ એવું નામ આપ્યું અને હૉટ મેલ ઇમેઇલ ક્રાંતિ કરવામાં સફળ રહ્યું!!

ગુગલ :

ગુગલ સર્ચ એન્જિન વિશ્વભરમાં સૌથી વધુ હીટ મેળવતું સર્ચ એન્જિન છે. આજે ઇન્ટરનેટ પર જો ગુગલ ના હોત તો આટલી બધી વિશાળ માહિતી ક્યાંથી મળી હોત?? ગુગલ એટલે એકડા પર સો મિંડા ચઢાવીએ એવો આંકડો!

(અનુસંધાન પાના નં. ૭ પર)

આજના દિવસનો મહિમા
- ભાનુપ્રસાદ એસ. દવે

૨૫મી એપ્રિલ રેડિયોના શોધક માર્કોનીનો જન્મદિન

ઇટાલીના બાલૉંગ્ના ગામે ૨૫-૪-૧૮૭૪માં મહાન વૈજ્ઞાનિક માર્કોનીનો જન્મ.

વાંચન અને વિદ્યુત સંશોધનમાં રસ ધરાવતાં ગુગ્લિએલ્મો માર્કોનીએ વગર તારનું યંત્ર રેડિયાની શોધકરી. ૧૯૦૯માં તેમને ભૌતિક વિજ્ઞાનનું નોબેલ પારિતોષિક મળ્યું.

- બે સમુદ્રને

જોડતી સુએઝ નહેર બનાવવાનો પ્રારંભ ૧૮૫૯.

- જર્મન પ્રવાસી મેન્ડેલ્સો સુરત બંદરે આવી પહોંચ્યો. તેણે ૧૬૩૮માં સુરત 'ચા' અંગેની માહિતી આપી.
- નિયમિત સંગીન ટેલિવિઝન પ્રસારણની ભારતમાં શરૂઆત ૨૫-૪-૧૯૮૨.

ઘરમાં મારા લગ્નની ચર્ચા થવા લાગી હતી, પપ્પા મારાં લગ્ન ખુબ ધામધૂમથી કરવા માંગતા હતા, તે કહેતા કે કન્યાદાનથી મોટું કોઇ દાન નથી, જેને ત્યાં દીકરી જન્મે છે એ મા-બાપ ખુબ જ નસીબદાર છે

નવાં કલેવર
- નટવર હેડાઉ

(ગતાંકથી આગળ...)

શ્વેતાનો ચહેરો ગંભીર બની ગયો. તેનું દુઃખ જાણે કે સ્થગિત થઇ ગયું. તેણે એક શુષ્ક નજર ત્રણેના ઉપર નાંખી અને પછી જરા ફિક્કું હસી પડી. પછી થોડીવાર માટે શૂન્યમસ્યક જોયા કર્યું અને ચહેરા ઉપર ઉતરી આવેલા કરૂણાના ભાવ સાથે બોલવાનું શરૂ કર્યું. કૉલેજનું શિક્ષણ પૂરું થતાં જ મેં મારી કેરિયર માટેનો રસ્તો નક્કી કરી દીધો હતો. મારી આંખોમાં પણ ભવિષ્યનાં રંગીન સપનાંઓ આકાર લેતાં હતાં. સમય વિતી રહ્યો હતો. તે દરમિયાન મેં બી.એ. પણ કરી લીધું. ઘરમાં મારા લગ્નની ચર્ચા થવા લાગી હતી. પપ્પા મારાં લગ્ન ખુબ ધામધૂમથી કરવા માંગતા હતા. તે કહેતા કે કન્યાદાનથી મોટું કોઇ દાન નથી. જેને ત્યાં દીકરી જન્મે છે એ મા-બાપ ખુબ જ નસીબદાર છે.

પણ નિયતિને કંઇક બીજું જ મંજૂર હતું. મને લગ્નના બંધનમાં બાંધતાં પહેલાં જ તેમણે આ દુનિયામાંથી મુક્તિ મેળવી લીધી. કસમય ભગવાને તેમને પોતાની પાસે બોલાવી લીધા. અચાનક થયેલા અ વ્રજાઘાતથી મમ્મી તો બેબાકળી થઇ ગઇ. હું પણ મારી જાતને સંભાળી શકતી ન હતી. મારા બંને મોટા ભાઇઓ પરણેલા હતા. તે અલગ અલગ શહેરોમાં પોતાનાં કુટુંબ સાથે રહેતા હતા. વૃધ્ધ માત પિતા જયારે અસહાય થઇ જાય છે. ત્યારે દીકરાનો સહારો મળવાની આશા રાખે છે. મમ્મી પણ પોતાના દીકરાઓથી આવી જ આશ લગાવી બેઠી હતી પરંતુ તેના બંને દીકરા એટલે કે મારા મોટા ભાઇઓ તેમાં ઉણા ઉતર્યા. ખુબ જ હોંશિયારી પૂર્વક એ અમને મા-દીકરીને છોડી દીધાં.

બસ ત્યારથી મારા જીવનની દશા બદલાઇ ગઇ. મમ્મી પપ્પા વિના એકલી થઇ ગઇ હતી. દીકરાઓનું વર્તન તેને દુઃખ પહોંચાડતું હતું. ભાભીઓને તો પહેલેથી અમે આંખના કણાની જેમ ખુંચતા હતા. મમ્મીને એમ થતું કે બે ભાઇઓમાંથી ગમે તે એક અમારી જવાબદારી ઉઠાવી લે. પરંતુ ભાભીઓએ એવું થવા ન દીધું. મમ્મી ભાંગી પડી.

હવે મારે જ મારી જવાબદારી ઉઠાવવાની હતી. છેવટે હું મારી મમ્મીને એકલી કઇ રીતે છોડી દઉં. તેથી મેં જીવનભર કુંવારા રહેવાની પ્રતિજ્ઞા લઇ લીધી. મેં એક દિવસ મમ્મીને કહી પણ દીધું કે હું લગ્ન નહીં કરું. તેથી હવે ઘરમાં મારા લગ્ન બાબતની કોઇ ચર્ચા કરવી નહીં.

મમ્મી મારા નિર્ણયથી સ્તબ્ધ થઇ ગઇ. આ વાત સાંભળતા એ ખૂબ રડી. અને કેહવા લાગી. 'મારા જીવનન શો ભરોસો છે. હું તો ખર્યું પાન છું. મારા ગયા પછી તારું કોણ?' ભાઇઓની હાલત તો તું જોઇ રહી છે. એવામાં ઉપર જઇને તારા પપ્પાને હું શું જવાબ દઇશ.'

પણ હું જાણતી હતી કે હવે કંઇ થવાનું નથી. મારા લગ્નના સપના જોનાર આંખો તો સદો માટે મીંચાઇ ગઇ છે. દિવસો વિતતા ગયા... પપ્પાના જવાથી જે સ્થિરતા ઘરમાં આવી તેની ભરપાઇ કયારેય થઇ ન શકી. આ દરમિયાન મારા માટે અનેક માંગા આવ્યાં. પણ મેં ઇન્કાર કરી દીધો. ભાઇઓને પણ એ વાત કોઇ ફરક પડ્યો નહીં. તેમને તો મમ્મીને સાચવનારી આસાનીથી મળી ગઇ હતી. તેથી એ લોકો પોતાની જવાબદારીમાંથી મુક્ત થઇ ગયા હતા.

તે દરમિયાન મેં એક પ્રાઇવેટ સ્કૂલમાં નોકરી શોધી લીધી. હવે સ્કૂલ, ઘર અને મમ્મી એ જ મારી જિંદગી હતી. જેમ જેમ સમય વિતતો ગયો તેમ મમ્મી ઝડપભેર વૃધ્ધત્વ તરફ આગળ વધી રહી હતી. હવે તો તે બિમાર પણ રહેવા લાગી હતી. કદાચ મારી ચિંતા તેને ભરખી રહી હતી. તેની સેવા કરવાનો મને વધુ મોકો ન મળ્યો. એક દિવસ એ પણ પપ્પાની પાસે ચાલી નીકળી.

હવે હું આ દુનિયામાં ફક્ત એકલી રહી ગઇ. ત્યારે મને એવું લાગ્યું કે હું મમ્મીને સહારો આપતી નહોતી પણ મમ્મી મારો સહારો હતી.

હવે બીજો કોઇ ઉપાય ન હતો. કદાચ લોકલાજ અને સમાજના ડરને કારણે ભાઇ મને પોતાને ઘેર લઇ આવ્યા, ત્યારે ક્યારેક ક્યારેક મને વિચાર આવે છે કે જો આ સમાજ ન હોય તો મારા જેવી અસહાય સ્ત્રીઓનું શું થાત?

ખેર! લગ્નની ઉંમર તો હું કયારની યે વિતાવી ચુકી હતી. હવે તો બંને ભાઇઓની સાથે રહી બાકીની જિંદગી જીવી જવાની હતી. વારાફરતી હું બંને ભાઇઓની ઘરે જઇ રહેતી. મમ્મી તેની બધી જ મિલ્કત મારા નામે કરી ને ગઇ હતી. કદાચ તેથી જ હું ભાભીને આંખનાં કણાની જેમ ખૂંચતી હતી. તેમને મને પોતાના કુટુંબની સભ્ય તરીકે કયારેય માની નથી. મારા માટે આત્મીયતાનો કોઇ ભાવ તેમના મનમાં હતો જ નહીં! તેથી ભાભીઓનાં મહેણાં ટોણાં અને કટાક્ષો હું બહુ દિવસ સહન કરી શકી નહીં. મમ્મી-પપ્પાએ કયારેય મારી સાથે આવું વર્તન કર્યું ન હતું. તેમણે મને જે સ્નેહ અને આદર આવેલો તેવું કોઇ આપી ન શકે. મમ્મી-પપ્પા જેવો સાચો સંબંધ ભગવાને કદાચ બીજો કોઇ બનાવ્યો જ નથી.

તેથી વારંવાર મમ્મી-પપ્પાને યાદ કરતાં મારી આંખોમાંથી આંસુ ઉભરાઇ આવતાં.

(અનુસંધાન પાના નં. ૬ પર)